# પ્રભુના દાસ પ્રભુસ્વરૂપોને

**આ** પૃથ્વી પર ઘણાં કાર્યો છે - જેને અઘરાં માનવામાં આવ્યાં છે. તે સઘળાં અઘરાં કાર્યોમાં પણ, દિવ્ય વિભૂતિઓનાં કથન અનુસાર, જો કોઈ સૌથી વધુ અઘરું કાર્ય હોય તો તે છે મનુષ્યાકૃતિરૂપે આપણી વચ્ચે વિહરતા ભગવાનના સાકાર અને પ્રગટ સ્વરૂપને ઓળખવું, અને તેમના દાસ બની તેમના ભક્તોમાં નિર્દોષબુદ્ધિ રાખી સહજ જીવવું !

ઈ.સ. ૧૯૫૧માં ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જીવનલીલા સંકેલી તે પહેલાં અનેક પ્રસંગોએ તેઓએ સ્વમુખે, સ્પષ્ટતા સાથે અને ભારપૂર્વક ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવી મહિમા ગાયો હતો. ભલા-ભોળા સાધુ યોગીબાપાના અપાર ગુણો અને દિવ્યતાની પણ ઝાંખી કરાવી હતી. છતાં, યોગીબાપાના સાદગીસભર સામાન્ય લાગતા વ્યક્તિત્વમાં સાંગોપાંગ વ્યાપક અસામાન્ય અને અમાયિક અક્ષર-પુરુષોત્તમના તત્ત્વનાં સાકાર, પ્રગટ દર્શન કરવાં તો અઘરાં હતાં જ; અને તેથીય કપરી વાત હતી તેમના દાસ થઈ ભક્તોમાં નિર્દોષબુદ્ધિ રાખવી ! પૃથ્વી પરનું મનુષ્યો માટેનું અઘરામાં અઘરું કાર્ય !!

એવા કાળમાં જે મુઠ્ઠીભર યુવાનોએ યોગીબાપાની અપ્રતિમ પ્રેમગંગામાં તરબતર થઈ તેમના દિવ્ય અને અલૌકિક સ્વરૂપનાં દર્શન અને સમર્પણભાવે સ્વીકાર કર્યા તેમાંના એક તે પ્રભુદાસભાઈ - આપણા સહુના પ્રાણપ્યારા ગુરુહરિ પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી !



એક દૃષ્ટિએ તો યોગીબાપામાં પ્રગટ પ્રભુના સાકાર તત્ત્વનો સ્વીકાર અને તેઓ પ્રતિ નિર્વિકલ્પ સમર્પણ જ સાધનાના આરંભ અને અંત હતાં. છતાંય, યોગીબાપાએ આપણી અને આવનારી અનેક પેઢીઓ પર કૃપા કરી પ્રભુદાસભાઈના જીવનરૂપે આપણી સમક્ષ એક દિવ્ય અને કલ્યાણકારી અધ્યાત્મમાર્ગ પ્રશસ્ત કર્યો, જેના મૂળ મંત્રો હતા - નિર્દોષબુદ્ધિ, સુહૃદભાવ અને આત્મીયતા !

આજે ગુરુહરિ સ્વામીશ્રીની નિશ્રામાં વિશ્વના લાખો યુવાનો અને હજારો પરિવારો નિર્વ્યસની અને સંસ્કારસંપન્ન જીવન જીવી આ ત્રણ મૂળ મંત્રોના અધ્યાત્મપ્રકાશે જીવનના દિવ્ય આનંદ અને આત્માના અક્ષરરૂપને પ્રાપ્ત કરવાના માર્ગે પ્રગતિશીલ છે. ધરતી પરના માનવ સમુદાયની આ મંગલમયી યાત્રા પ્રતિ મહારાજ ને સ્વામી, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કેવા રાજી થતા હશે !

ગુરુહરિ સ્વામીશ્રીને પ્રાદુર્ભાવની મંગલ તિથિએ શત શત સહસ્ર કોટિ સાષ્ટાંગ પ્રણામ સહ પ્રેમભીનાં હૃદયવંદન!

# પ્રાગટ્યમંગલે શત શત કોટિ વંદન !

અને ગુરુદેવ યોગીજી મહારાજ ! અનુપમ !

વીસમી સદીની મહાનતમ્ એવી આ યુગવિભૂતિએ અલ્પ કાળમાં જે આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર રૂપે સર્વ જીવ-મુમુક્ષુ પર જે કૃપાપ્રેમ વરસાવ્યા છે, તેની વસંત ખીલી રહી છે. દિવ્ય પ્રભુસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે ભારતીય અધ્યાત્મદર્શનને નિત્ય જીવનમાં સાંગોપાંગ જીવતા જંગમતીર્થ રૂપ સંતો-ભગવદ્ સ્વરૂપોનાં ઘડતર કર્યાં. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને સત્સંગના ઈતિહાસમાં વીસમી-એકવીસમી સદીના યોગનો આ એક એવો અદ્વિતીય કાલખંડ રહ્યો છે જ્યારે આ પૃથ્વી પર ભગવાનના ધારક અનેક સત્પુરુષ-ભગવદ્સ્વરૂપો દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમના દિવ્ય તત્ત્વ સાકાર અને પ્રગટ રહ્યા છે.

'બહેનો ભગવાન ભજે... મહારાજ જોગ ગોઠવી આપશે...' રૂપી યોગીજી મહારાજની એ આર્ષવાણી આજે સર્વથા સાકાર થઈ છે. એટલું જ નહિ; પરંતુ, માનવીય ચેતનાના ઊર્ધ્વગામી ઉત્થાનમાં એક વિરાટ સોપાન સ્વરૂપે સિદ્ધ થયું છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં દર્શનને રોજ-બરોજના જીવનમાં જીવવા પ્રયત્નશીલ સમર્પિત, નિષ્ઠાસંપન્ન અને સુહૃદભાવસભર હજારો ગૃહસ્થ એકાંતિક મુક્તોનો સમાજ આજે પોતાના ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરવા અખંડ જાગ્રતતા અને સંપ, સુહૃદભાવ અને એકતા સાથે સેવાપ્રવૃત્ત છે.

ભાગવતી દીક્ષા ગ્રહણ કરી સેંકડોની સંખ્યામાં ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કૌશલ્યેયુક્ત નવયુવા સંતો અને સદ્ગુરુઓ વિશ્વભરમાં શ્રી સ્વામિનારાયણ - અક્ષરે સહિત પુરુષોત્તમના જયઘોષ કરી માનવસમાજમાં સંસ્કાર, સ્વાસ્થ્ય, સંવાદિતા અને ઉચ્ચતમ્ અધ્યાત્મ મૂલ્યોનાં સિંચન કરી રહ્યા છે.

અને યોગીજી મહારાજના અનેક કૃપાશિષોમાં અનુપમ તે અનુપમ મિશન! નામ-રૂપ અને વેશ-કેશને સામાન્ય રાખી 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પ્રબોધિત કર્મયોગના ભક્તિયોગ સાથે અદ્ભુત સમન્વય સાધી ભગવાહૃદયી યોગીના આ યુવા, વ્રતધારી સંતો તો આજે યોગીરાજના હૃદય ધબકાર રૂપે યોગીહૃદયની અંતરંગ ભાવના અને દર્શનને જીવંત રાખી તેને પ્રસરાવી રહ્યા છે. સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને કૃપાશિષ સાથે યોગીજી મહારાજના દિવ્ય સંકલ્પ, વિરાટ દર્શન અને આધ્યાત્મિક ઉત્ક્રાંતિના એક જ્યોતિર્ધર છે.

આજે તો હજુ આરંભ છે યોગીજી મહારાજનાં વાવેલાં આધ્યાત્મબીજનાં અંકુરિત થવાનો. હે પ્રાણાધાર વ્હાલા યોગીરાજ! આપના પ્રાગટ્ય મંગલે આપના ખોળે આ માથું ને શ્રી ચરણોમાં અમારાં મન મૂકીએ છીએ... જેવા છીએ તેવા આપના છીએ, ગુરુદેવ ! ◆



~ ડૉ. મનોજ સોની